<u>નામદાર ગુજરાત હાઈકોર્ટે નોટીફીકેશન નં.**C**.2001/93,તા.૨૦–૫–૨૦૨૨ માં ઠરાવેલ પ્રોફોર્મા મુજબઃ</u>–

**<u>આંક– ૬૦</u>**

## <u>ફોર્મ–'એ'</u>

| |
|---|
| **દાહોદ જીલ્લાની એડીશ્નલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ**<br>**મુ.લીમખેડા, જી.દાહોદ**<br>**એચ. એચ. ઠક્કર, એડીશ્નલ સેશન્સ જજ**<br>**[ચુકાદાની તારીખઃ ૧૭/૦૩/૨૦૨૬]**<br>**[<u>સેશન્સ કેસ નં.૬૫/૨૦૨૩</u>]**<br>**(<u>એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન</u>)** |
| ધાનપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુના રજીસ્ટર નં.૧૧૮૨૧૦૧૪૨૩૦૦૩૯/૨૦૨૩ |
| ગુનોઃ– **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૪, ૨૦૧, ૧૧૪ મુજબ.** |
| પોલીસ સ્ટેશનઃ– ધાનપુર પોલીસ સ્ટેશન, જી.દાહોદ. |

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઑફ ગુજરાત)<br>(મૂળ ફરિયાદીઃ– પ્રહલાદભાઈ કાળાભાઈ પરમાર) |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી એસ.બી.ચૌહાણ |
| આરોપીઓ | (૧) સરદારભાઈ અમનસીંગ પરમાર<br>ઉ.વ.૨૫, ધંધો–ખેતી,<br>(૨) નૈનેશભાઈ અમનસીંગ પરમાર<br>ઉ.વ.૨૮, ધંધો–ખેતી,<br>બન્ને રહે.ભાણપુર, તળાવ ફળીયું, તા.ધાનપુર, જી.દાહોદ. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | આરોપી તર્ફે વિદ્વાન વકીલ શ્રી આર.વી.વણકર |

# ફોર્મ–'બી'

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | તા.૨૯–૦૧–૨૦૨૩ |
| ફરિયાદની તારીખ | તા.૩૦–૦૧–૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | તા.૧૦–૦૫–૨૦૨૩ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | તા.૦૪–૦૪–૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | તા.૨૩–૦૫–૨૦૨૪ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | તા.૧૭–૦૩–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૧૭–૦૩–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઈ હોય તો. | –– |

## <u>આરોપીની વિગતઃ</u>

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **કયા ગુનાનો આક્ષેપ છે** | **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **શું સજા કરી** | **સીઆર.પી.સી. ની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સરદારભાઈ અમનસીંગ પરમાર | ૩૦/૦૧/૨૦૨૩ | તા.૧૦/૨/૨૦૨૩ | ઈ.પી.કો. ક.૩૦૪, ૨૦૧, ૧૧૪ મુજબ. | નિર્દોષ | –– | ૧૧ દિવસ |
| ૨ | નૈનેશભાઈ અમનસીંગ પરમાર | ૦૭/૦૨/૨૦૨૩ | તા.૧૫/૨/૨૦૨૩ | ઈ.પી.કો. ક.૩૦૨, ૩૦૭, ૧૧૪ મુજબ. | નિર્દોષ | –– | ૮ દિવસ |

# ફોર્મ–'સી'

## ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટનાં સાહેદોનું લીસ્ટ.

### એ. ફરિયાદ પક્ષ તર્ફેઃ–

| સાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો |
|---|---|---|
| ૧ | પ્રહલાદભાઈ કાળાભાઈ પરમાર.(આંક–૦૬) | ફરિયાદી |
| ૨ | રાયસીંગભાઈ કાળાભાઈ પરમાર.(આંક–૦૯) | સાહેદ (મરણજનારના પુત્ર) |
| ૩ | સવજીભાઈ કાળુભાઈ પરમાર.(આંક–૧૦) | સાહેદ (મરણજનારના ભત્રીજા) |
| ૪ | દિનેશભાઈ કાળાભાઈ પરમાર.(આંક–૧૧) | સાહેદ (મરણજનારના પુત્ર) |
| ૫ | મદનભાઈ કાળાભાઈ પરમાર.(આંક–૧૨) | સાહેદ (મરણજનારના પુત્ર) |
| ૬ | દિપાભાઈ ધારજીભાઈ મેડા.(આંક–૧૩) | સાહેદ |
| ૭ | પર્વતભાઈ નાહલાભાઈ પરમાર.(આંક–૧૫) | પંચ સાહેદ (મરણજનારના મરણોત્તર પંચનામાના) |
| ૮ | મુકેશભાઈ કનાભાઈ પરમાર.(આંક–૧૬) | પંચ સાહેદ (મરણજનારના મરણોત્તર પંચનામાના) |
| ૯ | અજયભાઈ રમેશભાઈ પરમાર.(આંક–૧૮) | પંચ સાહેદ (ગુનાવાળી જગ્યાના પંચનામાના) |
| ૧૦ | મંગાભાઈ છગનભાઈ પરમાર.(આંક–૨૦) | પંચ સાહેદ (ગુનાવાળી જગ્યાના પંચનામાના) |
| ૧૧ | ડૉ. નિતલ નરોત્તમભાઈ પટેલ.(આંક–૨૧) | મેડીકલ ઓફિસર (પી.એચ.સી.મંડોર) |
| ૧૨ | સતીષકુમાર લાલચંદભાઈ પરમાર.(આંક–૩૨) | સાહેદ (નાયબ ઈજનેર) |
| ૧૩ | દિપસીંહ ગોપસીંહ પટેલીયા.(આંક–૩૬) | પી.એસ.ઓ. (ધાનપુર પો.સ્ટે.) |
| ૧૪ | અનીલકુમાર દરબારસીંહ સોલંકી.(આંક–૫૨) | ત.ક.અમલદાર (ધાનપુર પો.સ્ટે.) |

## બી. બચાવ પક્ષના સાહેદો, જો કોઈ હોય તોઃ–

| સાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો |
|---|---|---|
| –– | –– | –– |

## સી. કોર્ટનાં સાહેદો, જો કોઈ હોય તોઃ–

| સાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો |
|---|---|---|
| –– | –– | –– |

## ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટના આંકે પડેલ દસ્તાવેજોનું લીસ્ટ.

## એ. ફરિયાદ પક્ષ તર્ફેઃ–

| આંકનો નંબર | વર્ણન | પ્રુવ્ડ બાય/ એટેસ્ટેડ બાય |
|---|---|---|
| ૦૭ | અસલ ફરિયાદ, તા.૨૯–૦૧–૨૦૨૩. | સાહેદ નં.૧ |
| ૧૬ | મરણોત્તર પંચનામું. | સાહેદ નં.૭, ૮ |
| ૧૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | સાહેદ નં.૯,૧૦ |
| ૨૨ | પી.એમ. માટેની યાદી. | સાહેદ નં.૧૧ |
| ૨૩ થી ૨૬ | મરણજનારના ફોટા નંગ–૪. | સાહેદ નં.૧૧ |
| ૨૭ | ગુજરનારની પી.એમ. નોટ. | સાહેદ નં.૧૧ |
| ૨૯ | આરોપી સરદારભાઈ અમનસીંગની શરીર સ્થિતિ તથા અટક પંચનામું. | –– |
| ૩૦ | આરોપી નૈનેશભાઈ અમનસીંગની શરીર સ્થિતિ તથા અટક પંચનામું. | –– |
| ૩૩ | ગુનાવાળી જગ્યા બાબતે સ્થળ વિઝીટ કરી અભિપ્રાય આપવા બાબતે ત.ક.અમલદારે નાયબ ઈજનેરશ્રીને લખેલ પત્ર. | સાહેદ નં.૧૨ |

| | | |
|---|---|---|
| ૩૪ | નાયબ ઈજનેરશ્રીએ ગુનાવાળી જગ્યા બાબતે સ્થળ વિઝીટ કરી આપેલ અભિપ્રાય બાબતેના પત્ર. | સાહેદ નં.૧૨ |
| ૩૫ | નાયબ ઈજનેરશ્રીએ ગુનાવાળી જગ્યાએ વિજ લાઈન સાથે ચેડા થવા બાબતે લખેલ પત્ર. | સાહેદ નં.૧૨ |
| ૩૭ | સ્ટેશન ડાયરીના જરુર પુરતા પાનાની નકલ. | સાહેદ નં.૧૩ |
| ૫૩ | સ્થળ પરીક્ષણ અહેવાલ. | સાહેદ નં.૧૪ |

**બી. બચાવ પક્ષ તર્ફેઃ–**

| **અનુક્રમ નંબર** | **આંકનો નંબર** | **વર્ણન** |
|---|---|---|
| –– | –– | –– |

**સી. કોર્ટના આંકોઃ–**

| **અનુક્રમ નંબર** | **આંકનો નંબર** | **વર્ણન** |
|---|---|---|
| –– | –– | –– |

**ડી. મુદ્દામાલઃ–**

| **અ.નં.** | **વર્ણન** | **પ્રુવ્ડ બાય/ એટેસ્ટેડ બાય** |
|---|---|---|
| | **મુદ્દામાલ પાવતી નં.૦૮/૨૦૨૩** | |
| ૧ | **ચંપલ–૧**<br>એક કાળા કલરના ચંપલ જે જુના જેવા જણાય છે તે. | સાહેદ નં.૯,૧૦ |
| ૨ | **વાંસની લાકડી–૧**<br>એક વાંસની જુના જેવી છ ગાંઠોવાળી લાકડી જેની લંબાઈ આશરે ૪ ફુટ ૧૦ ઈંચ છે તે. | સાહેદ નં.૯,૧૦ |
| ૩ | **ટેરા–૪૨ તથા સેન્ટીંગનો તાર ૨૦૦ મીટર જેટલો.**<br>લાકડીના ૪૨ ટેકા આશરે ત્રણ–સાડા ત્રણ ફુટના તેમાં સેન્ટીંગના ખુલ્લા તાર ૨૦૦ મીટર જેટલો ટેકામાં વીંટાળેલ છે તે. | સાહેદ નં.૯,૧૦ |

| | | |
|---|---|---|
| ૪ | **વાદળી કલરનો વાયર ૩૦૦ મીટર.**<br>વિજપ્રવાહ મેળવવા માટેનો વાદળી કલરનો વાયર આશરે ૩૦૦ મીટર જેટલો છે તે. | સાહેદ નં.૯,૧૦ |

## – જ જ મે ન્ટ –

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી પ્રહલાદભાઈ કાળાભાઈ પરમાર, રહે.ભાણપુર, તળાવ ફળીયું, તા.ધાનપુર, જી.દાહોદનાએ તા.૨૯/૦૧/૨૦૨૩ ના રોજ i/c પોલીસ સબ ઈન્સ્પેકટર, ધાનપુર પોલીસ સ્ટેશનનાઓ રૂબરૂ હાલના ગુના અંગેની ફરિયાદ નોંધાવેલી, જે ફરિયાદની ટુંક હકીકત એવા પ્રકારની છે કે, મારા પિતા કાળાભાઈ ગોપીચંદભાઈ મારી સાથે રહેતા હતા અને હું તેમનું ભરણપોષણ કરતો હતો. મારા પિતાની ઉંમર આશરે ૮૦ વર્ષની હતી જે હરીફરી શકતા હતા અને પોતાની નિત્યક્રિયા પોતે જાતે કરતા હતા. અમારા કુંટુંબી ભાઈના છોકરા (૧) સરદારભાઈ અમનસીંગ પરમાર (૨) નૈનેશભાઈ અમનસીંગ પરમાર, બન્ને રહે.ભાણપુર, તળાવ ફળીયું, તા.ધાનપુર, જી.દાહોદનાઓની જમીન તથા અમારી જમીનનો એક શેઢો આવેલ છે અને અમારા ઘરો નજીક–નજીકમાં આવેલ છે. અમારા કુંટુંબી ભત્રીજા નૈનેશભાઈ તથા સરદારભાઈનાઓએ તેમના ખેતરમાં મકાઈનો પાક કરેલ હોય જેથી રાત્રે ભુંડ આવીને મકાઈના ઉભા પાકને ખાઈ જતા હોય જેથી તેઓએ તેમના શેઢા ફરતે તાર બાંધી ઈલેક્ટ્રીક શોર્ટ મુકતા હતા જે અમો સારી રીતે જાણીએ છીએ અને અમારા ફળીયામાં અમારા ભત્રીજા સરદારભાઈ તથા નૈનેશભાઈ સિવાય બીજા કોઈ ઈલેક્ટ્રીક શોર્ટ મુકતા નથી તે વાતની મને પાક્કી ખાત્રી છે.

આજરોજ સવારના આશરે સાતેક વાગ્યાના સુમારે હું તથા મારા પિતા કાળાભાઈ એ રીતેના સવારમાં ઉઠીને અમારી નિત્યક્રિયા પતાવી ચા–પાણી કરેલ અને તે પછી મારા પિતા અમારા ખેતર બાજુ જવા માટે નીકળતા હતા અને તે પછી આશરે બારેક વાગ્યાના સુમારે અમારા ગામના સુરસીંગભાઈ કાળુભાઈ પરમારનાએ મારા પિતા કાળાભાઈને મરણ ગયેલ હાલતમાં કોતર તરફ આવેલ કુવામાં પડેલા જોતા તેણે અમારા ગામના દિપાભાઈ ધારજીભાઈ પરમારને જાણ કરતા તેઓ મારા ઘરે આવેલ અને મને જાણ કરેલ કે તમારા

પિતા કોતર તરફ આવેલ કુવામાં મરણ ગયેલ હાલતમાં પડેલ છે, તેમ જણાવતા અમો તથા અમારા ઘરના સભ્યો તથા બીજા કુટુંબના સભ્યો એ રીતેના તાત્કાલીક અમારા ખેતરના છેવાડે તરફ કોતરના ભાગે આવેલ કુવા બાજુ ગયેલ અને જોયેલ તો મારા પિતા કાળાભાઈ ગોપસીંગભાઈ મરણ ગયેલ હાલતમાં પડેલ હોય જેથી અમોએ મારા પિતાની લાશને થોડી સાઈડમાં કરીને જોતા તેના શરીરે ડાબા હાથે તથા બન્ને પગે તથા શરીરે કરંટ લાગેલાના નિશાન જણાય છે. જે સ્પષ્ટ રીતે તાર ખુંચી ગયેલાના નિશાન જણાય છે જેથી આ બાબતે ગામના આગેવાનોને મારા પિતા કરંટ લાગવાથી મરણ ગયેલ હોવાની વાત કરતા તેઓ સ્થળ ઉપર આવી ગયેલ અને મારા પિતા કરંટ લાગવાથી મરણ ગયેલાનું જણાઈ આવતા અને આ મારા કુટુંબી ભત્રીજા સરદારભાઈ તથા નૈનેશભાઈ તેમના ખેતરમાં મકાઈને ફરતે બાંધેલ તારની વાડમાં ઈલેક્ટ્રીક શોર્ટ મુકેલ હતો તે દરમ્યાન મારા પિતા અમારા ખેતર તરફ જતા તે દરમ્યાન તારની શોર્ટ મુકેલ વાડમાં કરંટ લાગવાથી મરણ જતા આ બન્ને ભત્રીજાઓએ મારા પિતાની લાશને કોઈને ખબર નહી પડે તેમ વિચારી કોતર તરફ આવેલ કુવામાં નાંખી ગયેલ હોય આ બનાવ બાબતે ગામના આગેવાનો તથા કુટુંબના માણસોને લઈ ફરિયાદ કરવા આવેલ છું તો આ બાબતે કાયદેસરની તપાસ થવા ફરિયાદ છે.

(૨) ઉપર મુજબની ફરિયાદ હકીકત ધાનપુર પોલીસ સ્ટેશનનાએ i/c પોલીસ સબ ઈન્સ્પેકટર રૂબરૂ જાહેર કરતા સદરહું ફરિયાદ ધાનપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુના રજીસ્ટર નં.૧૧૮૨૧૦૧૪૨૩૦૦૩૯/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૪, ૨૦૧, ૧૧૪ મુજબનો ગુનો નોંધી લઈ આગળની તપાસ ત.ક.અમલદારનો સોંપેલી.

(૩) ત.ક.અમલદારે તપાસના કામે જરુરી કાર્યવાહી કરી આરોપીઓને અટક કરી તે અંગેના જરુરી પંચનામા કરી, ઈન્કવેસ્ટ પંચનામું તથા અન્ય જરુરી પંચનામા કરી મરણજનારની પી.એમ. નોટ મેળવી, ઈજા પામનારનું સારવાર સર્ટીફિકેટ મેળવી, લાગતાવળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા તપાસના અંતે ધાનપુરના વિ.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.કોર્ટમાં તા.૧૦/૦૫/૨૦૨૩ ના રોજ

ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ જે ચાર્જશીટ ક્રિમિનલ રજીસ્ટરે ક્રિમિનલ કેસ નં.૨૮૭/૨૦૨૩ થી નોંધવામાં આવેલ.

(૪) આરોપીઓ વિરુદ્ધ સમન્સ ઈસ્યુ થયાબાદ ધાનપુરના વિ.જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.કોર્ટ સમક્ષ આરોપીઓ હાજર થતા આરોપીઓને ચાર્જશીટ તથા તેની સાથેના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાની ખાત્રી કરી આરોપીઓ સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત સેશન્સ અદાલતને પહોંચતી હોય ધાનપુરના વિ.જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રીએ સી.આર.પી.સી.કલમ–૨૦૯ અંતર્ગત તા.૦૪/૦૭/૨૦૨૩ ના રોજ આંક–૯ લગત કમીટલ હુકમ પસાર કરી સદરહું કેસ લીમખેડાની એડીશ્નલ સેશન્સ કોર્ટને કમીટ કરવામાં આવેલ. જ્યાં તે સેશન્સ કેસ નં.૬૫/૨૦૨૩ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

(૫) આ કામના આરોપીઓને અત્રેની અદાલતમાં રજુ થતા આરોપીઓ તર્ફે વિ.વકીલશ્રી આર.વી.વણકર હાજર થયેલા. સરકાર પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણ હાજર થયેલા.

(૬ ) ફરિયાદ પક્ષે આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે આંક–૨ ની લીસ્ટથી કુલ–૭ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૭) વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણ તથા આરોપી તર્ફેના વિ.વકીલશ્રી આર.વી.વણકરની ચાર્જ બાબતેની દલીલો સાંભળવામાં આવેલી અને આરોપીઓ વિરુદ્ધ પ્રથમદર્શનીય રીતે ચાર્જ ઘડી શકાય તેવો પુરાવો જણાઈ આવતા આરોપીઓ વિરુદ્ધ આંક–૩ થી ગુનાનું તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાની હકીકતનો ઈન્કાર કરતા તે લગત આરોપીઓના આંક–૪, ૫ થી નિવેદનો નોંધી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૮) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પોતાનો કેસ સાબીત કરવા માટે ઉપર ફોર્મ " સી "માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૯) ફરિયાદ પક્ષે પુરાવો પૂર્ણ થતા વિ.એ.પી.પી.શ્રીએ આંક-૫૪ થી પુરાવા બંધની પુરસીસ આપેલી છે.

(૧૦) ફરિયાદ પક્ષનો પુરાવા પુરો થયા બાદ સી.આર.પી.સી.કલમ-૩૧૩ મુજબ આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ પોતાની સામેના આક્ષેપીત ગુનાનો ઈન્કાર કરી પોતે નિર્દોષ હોય તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**(૧૧) દલીલો –**

ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા તથા બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

(૧૧.૧) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણનાએ ભારપૂર્વક જણાવેલ છે કે, આરોપીઓ સામે આંક-૩ થી આક્ષેપીત ગુનાનું તહોતમનામું ફરમાવવામાં આવેલું છે. જે મુજબ આરોપીઓએ તેમના ખેતરની ફરતે ઈલેક્ટ્રીક શોર્ટ મુકી કોઈનું મૃત્યુ થઈ શકે તેમ જાણતા હોવા છતાં તેમના ખેતરની ફરતે વાડમાં ઈલેક્ટ્રીક કરંટ પસાર કરેલ જેમાં ફરિયાદીના પિતા કાળાભાઈ ગોપીચંદભાઈ પરમાર તેમના ખેતર તરફ જવા નીકળેલા તે દરમ્યાન તેના સંપર્કમાં આવવાથી કરંટ લાગવાથી મરણ ગયેલ અને બન્ને આરોપીઓએ ફરિયાદીના પિતાની લાશને કોઈને ખબર ના પડે તેમ વિચારી પોતાના ખેતરમાંથી ઢસેડીને લઈ જઈ ખેતર નજીક આવેલ કોતર તરફ આવેલ કુવામાં નાંખી દીધેલ છે. આરોપીઓ સામેનું તહોમતનામું પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફથી જુદા-જુદા સાહેદોની જુબાનીઓ લેવામાં આવેલ છે. ફરિયાદીને સાહેદ નં.૧ તરીકે તપાસવામાં આવેલ છે જેઓ ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કરે છે. ફરિયાદીએ તેમના પિતાની લાશને જોઈ ત્યારે તેમના શરીર ઉપર કરંટ લાગેલાના નિશાનો હતા. આરોપીઓના ખેતરની ફરતે વાડમાં કરંટ પસાર કરેલ જે વાયર પોલીસે કબજે લીધેલ છે. આરોપીઓ જાણતા હતા કે કોઈ વ્યક્તિ આ તારની વાડને અડશે તો તેનું મૃત્યુ થઈ શકે

તેમ છે તેમ છતાં તેઓએ કરંટ પસાર કરેલો છે જેના સંપર્કમાં આવવાથી ફરિયાદીના પિતાનું મૃત્યુ થયેલું છે. ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક–૧૯ થી રજુ થયું છે. ગુનાવાળી જગ્યાથી ફરિયાદીનું મકાન ૫૦૦ મીટર દુર આવેલું છે. મેડિકલ ઓફિસરશ્રીની જુબાની જોતા મરણજનારનું મૃત્યુ કુદરતી રીતે થયેલું નથી. આ ખેતર આરોપીઓના દાદાના નામે ચાલે છે જેને આરોપીઓ ખેડતા હતા. ઈન્ક્વેસ્ટ પંચનામામાં મરણજનારના શરીર ઉપર શોટ લાગવાથી દાઝી ગયેલાના નિશાન હોવાનું મળી આવે છે. પોસ્ટમોર્ટમ નોટમાં પણ ઈલેક્ટ્રીક શોર્ટથી ઈજા થયાનું મળી આવે છે. મેડીકલ ઓફિસરશ્રીએ મરણજનારના મૃત્યુના કારણમાં ઈલેક્ટ્રીક શોર્ટના કારણે મૃત્યુ થયાનું જણાવ્યું છે. સાહેદ નં.૨ નાએ પણ તેમની જુબાનીમાં મરણજનારના પગના તથા છાતીના ભાગે કરંટ લાગવાના નિશાનો હતા તેવું જણાવ્યું છે. તેમજ અન્ય સાહેદોએ પણ આ હકીકતને સમર્થન કર્યું છે. ફરિયાદ પક્ષના સાહેદ નં.૪ નાએ પણ તેમની જુબાનીમાં જણાવ્યા મુજબ તેઓએ જોયેલું તો લાશથી ૧૦૦ થી ૨૦૦ ફુટ દુર ઘસડાના નિશાનો જણાયેલ છે તેમજ મકાઈના રાડા તુટેલા હતા તે જોતા મરણજનારની લાશને આરોપીઓના ખેતરમાંથી ઢસેડીને જે જગ્યાએથી લાશ મળી આવી તે જગ્યાએ લાશ લાવ્યાનું મળી આવે છે. આમ, આરોપીઓએ પુરાવાના નાશ કરવાનો પ્રયત્ન કરેલ છે. ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી પરંતુ અન્ય તમામ સાહેદોએ ફરિયાદની હકીકતને સમર્થન કર્યું છે. આંક–૩૫ થી જી.ઈ.બી.ના અધિકારીઓએ તૈયાર કરેલ સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ છે જેમાં તેઓએ ડાયરેક્ટ વીજ જોડાણ લીધેલાનું જણાવ્યું છે જેના સંપર્કમાં આવવાથી મરણજનારનું મૃત્યુ થયેલ છે. આ સાહેદ તે સ્વતંત્ર સાહેદ છે તેમને ના માનવાનું કોઈ કારણ નથી. આમ, ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો ગુનો પુરવાર કરવામાં સફળ રહ્યા હોવાનું જણાવી આરોપીઓને કસૂરવાર ઠરાવવા વિનંતી કરેલ છે.

(૧૧.૨) આરોપીઓના વિ.વકીલશ્રી આર.વી.વણકરનાએ ભારપૂર્વક જણાવેલ છે કે, ફરિયાદ પક્ષના તપાસવામાં આવેલ મરણજનારના પુત્ર સંતાનો તથા અન્ય સાહેદોની જુબાનીઓ જોતા કોઈપણ સાહેદે આ બનાવ નજરે જોયેલો નથી. ફરિયાદીએ તેમની ફરિયાદમાં તેમના મરણજનાર પિતાની

ઉંમર ૮૦ વર્ષની હતી તેમ લખાવ્યું હોવા છતાં જુબાનીમાં ઈરાદાપૂર્વક ખોટી ઉંમર જણાવી છે. બનાવવાળી જગ્યાએ ખેતરને અડીને કોતર આવેલ છે. કુવાની ઉંડાઈ ૧૫ ફુટની છે. રસ્તાની પાસે ઈલેક્ટ્રીક થાંભલો આવેલ છે. આરોપીઓના પિતાને પાંચ છોકરાઓ છે. આરોપીઓએ ફરિયાદીની વિરુદ્ધમાં ચુંટણીનું ફોર્મ ભરેલું અને આરોપીના પિતા સાહેદની સામે ચુંટણી લડેલા છે. ૨૦ વર્ષ પૈકી ૧૫ વર્ષ સુધી આરોપીના પિતા સરપંચ તરીકે રહેલા છે. ફરિયાદી ક્યારેય સરપંચની ચુંટણી જીતેલા નથી. આમ, ચુંટણીની અદાવત હોવાથી આરોપીઓને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દેવાનો પ્રયત્ન કરેલ છે. લાશની અંતિમવિધી કરી ત્યાં સુધી પોલીસ આવેલી નથી. પંચનામું કરવામાં આવ્યું ત્યારે પંચ સાહેદો મરણજનારની અંતિમવિધીમાં હાજર હતા તે જોતા પણ આ પંચનામું પંચોના ગેરહાજરીમાં ઉભું કરેલાનું મળી આવે છે. ફરિયાદમાં જે હકીકતો લખાવી નથી તેવી હકીકતો ફરિયાદીએ તેમની જુબાનીની સરતપાસમાં જણાવેલી છે. જે વિરાધાભાસ ત.ક.અમલદારની જુબાનીની ઉલટતપાસમાં પુરવાર કરવામાં આવ્યા છે. મકાઈના રાડા તુટી ગયેલા હતા તેમજ ઘસરકાના નિશાન હતા તેવી હકીકત પંચનામામાં લખાવામાં આવેલી નથી. કોઈપણ સાહેદોએ તેમની જુબાનીમાં આરોપીઓની માલીકીનું ખેતર આવેલું હોય કે તેઓ ખેતીકામ કરતા હોય તેવું જણાવ્યું નથી. ખેતરની માલીકી અંગેનો પુરાવો મેળવેલો નથી. ત.ક.અમલદારશ્રીએ ઉલટતપાસમાં સ્વીકાર કર્યા મુજબ પંચનામામાં જમીનના સર્વે નંબરનો ઉલ્લેખ કર્યો નથી. તલાટી પાસેથી સર્વે નંબરની ખાત્રી કરાવેલ નથી કે આ જમીનની માલીકીનો પુરાવો ચાર્જશીટ સાથે રજુ કર્યો નથી. ૭–૧૨ ના ઉતારામાં હાલના આરોપીઓના નામ ચાલતા નથી. ફરિયાદી તથા સાહેદોએ પણ આ જમીનનો સર્વે નંબર લખાવેલ નથી. આરોપીઓનું પેઢીનામું મેળવેલું નથી. લાશ મળી આવી તેની આજુબાજુ ખુલ્લી જગ્યા અને ખેતરો આવેલા છે. આરોપીઓને બીજા ભાઈઓ પણ છે. આરોપીઓના પિતા તથા દાદા હયાત છે. આ જગ્યા આરોપીઓની માલીકી કે કબજા ભોગવટાની હોવાનું ફરિયાદ પક્ષ પુરવાર કરી શકતા નથી. આરોપીઓ દ્વારા આક્ષેપીત કરંટ પસાર કરવામાં આવેલ હોવાનું ફરિયાદ પક્ષ પુરવાર કરતા નથી. ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતા આરોપીઓ સામેનું તહોમતનામું પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ

નિષ્ફળ જતા હોવાનું જણાવી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૧૨) આ કેસના ન્યાયીક નિરાકરણ અર્થે મારા મતે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :– શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, મરણજનાર કાળાભાઈ ગોપીચંદભાઈ પરમારનું મૃત્યુ અકુદરતી રીતે થયેલ છે ?

મુદ્દા નં.૨ :– શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૯/૦૧/૨૦૨૩ ના રોજ કલાક ૮–૦૦ થી કલાલ ૧૨–૦૦ વાગ્યા દરમ્યાન કોઈપણ વખતે મોજે ભાણપુર ગામે આ કામના આરોપીઓએ ભેગા મળી પોતાના ખેતરની ફરતે ઈલેક્ટ્રીક શોર્ટ મુકી અને આ ઈલેક્ટ્રીક શોર્ટ મુકી આમ કરવાથી કોઈનું મૃત્યુ થઈ શકે છે તેમ જાણતા હોવા છતાં પોતાના ખેતરની ફરતે ઈલેક્ટ્રીક વાડ કરેલ જેમાં ફરિયાદીના પિતા કાળાભાઈ ગોપીચંદભાઈ પરમાર ખેતર તરફ જવા નીકળેલ તે દરમ્યાન તેઓને કરંટ લાગવાથી મરણ જતા આ કામના આરોપીઓએ ફરિયાદીના પિતાની લાશને કોઈને ખબર નહી પડે તેમ વિચારી પોતાના ખેતરમાંથી ઉંચકીને કોતર તરફના ભાગે આવેલ કુવામાં ફેંકી દઈ પુરાવાનો નાશ કરવાની કોશીષ કરી એકબીજાની મદદગારી કરી આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૪, ૨૦૧, ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે?

મુદ્દા નં.૩ :– શું હુકમ ?

(૧૩) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– હકારમાં.

મુદ્દા નં.૨ :– નકારમાં.

મુદ્દા નં.૩ :– આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**(૧૪) મુદ્દા નં.૧ ની ચર્ચા–**

(૧૪.૧) ફરિયાદ પક્ષના કેસની હકીકતો મુજબ આ કેસમાં મરણજનાર કાળાભાઈ ગોપીચંદભાઈ પરમારનું મૃત્યુ વિજ કરંટ લાગવાથી અકુદરતી રીતે થયેલ છે.

જે સંબંધે ફરિયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલ સાહેદોની જુબાનીઓ જોવામાં આવે તો આ બનાવના નજરે જોનાર કોઈ સાહેદ નથી. ફરિયાદીએ તેઓની આંક–૭ ની ફરિયાદમાં એવી હકીકત લખાવેલી છે કે તા.૨૯/૦૧/૨૦૨૩ ના રોજ મારા પિતા નિત્યક્રિયા પતાવી અમારા ખેતર બાજુ જવા નીકળેલા તે પછી આશરે બારેક વાગ્યાના સુમારે અમારા ગામના સુરસીંગભાઈ કાળુભાઈ ડામોર મારા પિતા કાળાભાઈને કોતર તરફ આવેલ કુવામાં પડેલ જોતા ફરિયાદીના ગામના દિપાભાઈ ધારજીભાઈએ જાણ કરેલ. તેઓ ફરિયાદીના ઘરે આવેલા જેથી ફરિયાદીના ઘરના સભ્યો તે જગ્યાએ ગયેલા અને ત્યાં જઈને જોયેલ તો ફરિયાદીના પિતા મરણ ગયેલ હાલતમાં પડેલ હતા અને ફરિયાદીની પિતાની લાશને થોડી સાઈડે કરી જોતા તેના શરીરના ડાબા હાથે તથી બન્નને પગે વિજ કરંટ લાગવાના નિશાન જોયેલા.

ફરિયાદીએ સોગંદ ઉપરની જુબાનીમાં વધુમાં પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે જેથી અમો ચાર ભાઈઓ તથા ફળીયાના બીજા માણસો મારા પિતાને ખાડામાંથી બહાર કાઢેલ. ત્યારબાદ મારા પિતાને કાદવ લાગેલ હતો તે ધોવડાવી જોયેલ તો મારા પિતાને ડાબા હાથે, જમણા પગે અને પીઠના ભાગે કરંટ લાગેલાના નિશાન હતા.

ફરિયાદ પક્ષના અન્ય સાહેદોએ કે જેઓ મરણજનારના પુત્ર સંતાનો છે. તેમણે પણ તેમની જુબાનીમાં જણાવ્યા મુજબ તેઓએ

બનાવવાળી જગ્યાએ જઈને તેમના પિતાની લાશને જોયેલ તો પગના ભાગે તથા છાતીના ભાગે કરંટ લાગેલાના નિશાનો હતા.

(૧૪.૨) ફરિયાદ પક્ષ તરફથી ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદોને સાહેદ નં.૭ તથા ૮ થી તપાસવામાં આવેલ છે પરંતુ તેઓ ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. આમ, છતાં ફરિયાદ પક્ષ તરફથી આંક–૨૩ થી આંક–૨૬ સુધી મરણજનારની લાશના જુદા–જુદા ફોટાઓ રજુ કરવામાં આવેલ છે જે જોવામાં આવે તો મરણજનારના હાથ ઉપર, બન્ને પગો ઉપર વિજ કરંટથી દાઝેલાની ઈજાઓ હોવાનું મળી આવે છે.

(૧૪.૩) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧૧ તરીકે ડૉ. નિતલબેન નરોત્તમભાઈ પટેલની જુબાની લેવામાં આવી છે. આ સાહેદે મરણજનાર કાળાભાઈ પરમારની લાશું શબ પરીક્ષણ કરેલું છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૩૦/૦૧/૨૦૨૩ ના રોજ હું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મંડોર ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતી હતી તે વખતે પી.એસ.આઈ. એ.ડી.સોલંકી, ધાનપુર પો.સ્ટે.ની યાદી સાથે મરણજનાર કાળાભાઈ ગોપચંદભાઈ પરમારની લાશ પોસ્ટમોટર્મ માટે પેનલ ડૉક્ટર સાથે પી.એમ. કરી આપવાની યાદી સાથે લાવેલ. મરણજનારના શબનું પરિક્ષણ તા.૩૦/૦૧/૨૦૨૩ ના રોજ ૧૧–૨૦ વાગ્યે શરુ કરી ૧–૦૦ કલાકે પૂર્ણ કરેલું. વધુમાં આ સાહેદે જણાવેલું છે કે કોલમ નં.૧૭ માં નીચે મુજબની ઈજાઓ મળી આવેલી.

ઈજા નં.૧ઃ– ડાબા હાથની કોણીના ભાગે ૧૦ × ૧૦ સે.મી. ગોળાકાર ઈજાના નિશાન જોવા મળેલ.

ઈજા નં.૨ઃ– ઉપરોક્ત ઈજાના નીચેના ભાગે બળી ગયેલી સ્કીન સ્ટ્રીપ્ટેડ પેટર્નમાં હતી જેની સાઈઝ ૬ × ૨ સે.મી.ની હતી.

ઈજા નં.૩ઃ– કાળી પડી ગયેલી ચામડી ૪ × ૩ સે.મી.માં ઈરેગ્યુલર સેપમાં હતી જે ઈજા નં.૧ ની ઈજાની નીચેના ભાગે હતી.

ઈજા નં.૪ઃ– જમણા પગના ઘુંટણના પાછળના ભાગે પોપલીટીયલ એરીયાના ભાગે આડી નીચેથી અંદરની તરફ બળી ગયેલાની કિનારી

૧૦ × ૧ સે.મી.ની સાઈઝમાં જેની નીચે ચામડી અને ફેટ(ચરબી) જોવા મળેલ.

ઈજા નં.૫ઃ– ડાબા પગના ઘુંટણની અંદરની બાજુની આડી લાઈન અંદરથી નીચેની તરફ ૮×૧ સે.મી. ચામડી બળી ગયેલાનું અને ચામડી અને ફેટ(ચરબી) જોવા મળેલ.

તેમજ આ સાહેદના જણાવ્યા મુજબ મૃત્યુનું સંભવીત કારણ ઈલેક્ટ્રીક શોકના લીધે હૃદય અને શ્વાસોશ્વાસની ક્રિયા બંધ પડી જવાના કારણે થયેલું હતું.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં આ સાહેદે તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે જો કોઈ ગરમ તાર હોય અને કોઈ વ્યક્તિ ચોંટે તો કોલમ નં.૧૭ જેવી ઈજાઓ થઈ શકે. પરંતુ મરણજનારના ડાબા હાથે, બન્ને પગ ઉપર જે પ્રકારની ઈજાઓ હતા તે જોતા ગરમ તાર શરીરના ચોંટવાના કારણે એકસાથે આટલી ઈજાઓ થવાની શક્યતા જણાતી નથી અને તેથી બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં આ સાહેદે આ હકીકતનો સ્વીકાર કરેલ હોવા છતાં તે ફરિયાદ પક્ષના કેસની હકીકતો તેમજ મરણજનારના શરીર ઉપર જે મુજબની ઈજાઓ મળી અવી છે તે જોતા તાર્કીક જણાતી નથી. બચાવ પક્ષના વિ.વકીલશ્રીના આ હકીકતને સમર્થન કરતો કોઈ પુરાવો પણ મળી આવતો નથી. તે જોતા મરણજનાર કાળાભાઈ પરમારનું મૃત્યુ ઈલેક્ટ્રીક શોક લાગવાના કારણે એટલે કે અકુદરતી થયેલ હોવાનું પુરવાર થાય છે. તેથી **મુદ્દા નં.૧ નો** જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

## (૧૫) મુદ્દા નં.૨ ની ચર્ચાઃ–

(૧૫.૧) ફરિયાદ પક્ષના કેસની હકીકતો જોવામાં આવે તો આ બનાવના નજરે જોનાર કોઈ સાહેદો નથી. મરણજનારની લાશને કોતર તરફ આવેલ ખાડામાં પડેલ હોવાનું સૌપ્રથમ સુરસીંગભાઈ કાળુભાઈ પરમારનાએ જોયેલ છે. જેઓએ દિપાભાઈ ધારજીભાઈને જાણ કરતા ફરિયાદીના ઘરે આવી જાણ કરેલ જેથી ફરિયાદી, તેમના ભાઈ તથા સગા સંબંધીઓએ સ્થળ ઉપર જઈ લાશને પ્રથમ વખત જોયેલી છે. ફરિયાદ પક્ષના મહત્વના સાહેદ તરીકે

મરણજનારના પુત્રોની જુબાની લેવામાં આવી છે. સાહેદ નં.૧ તરીકે ફરિયાદી કે જેઓ મરણજનારના પુત્ર છે તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે બનાવ ગયા વર્ષે શિયાળાની સીઝનમાં બનેલો. બનાવ બન્યો ત્યારે હું મારા ઘરે હતો. બનાવના દિવસે સવારે મારા પિતા મારા ઘરેથી કુદરતી હાજતે જવા માટે નીકળેલા હતા અને અમો અમારા ઘરમાં હતા. ત્યારબાદ બારેક વાગ્યે અમારા ફળીયાના સુર્યાભાઈ કાળીયાભાઈ અમોને કહેવા આવેલ કે તમારા પિતા કોતરમાં ખાડો કરેલ તે જગ્યાએ મરણ હાલતમાં પડેલ છે. જેથી અમો ચાર ભાઈએ તથા ફળીયાના બીજા માણસો સાથે મારા પિતાને ખાડામાંથી બહાર કાઢેલ. ત્યારબાદ મારા પિતાને કાદવ લાગેલ હતો તે ધોવડાવી જોયેલ તો મારા પિતાને ડાબા હાથે, જમણા પગે અને પીઠના ભાગે કરંટ લાગેલાના નિશાન હતા. જેથી મે પોલીસને જાણ કરેલી જેથી પોલીસ આવી ગયેલી. આ સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ પોલીસ બનાવવાળી જગ્યાએ આવેલી અને પોલીસે સરદાર અમનસીંગ અને નૈનેશ અમનસીંગના ખેતરોમાં તારની વાડ કરી કરંટ પસાર કરેલો હતો તે વાયર કબજે લીધેલા હતા. આ ખેતરથી 300 મીટર દુર મારા પિતાને આ આરોપીઓ ઘસેડીના કોતરના ખાડામાં મુકી આવેલા.

આમ, ફરિયાદીએ હાલનો બનાવ નજરે જોયેલો નથી. ફરિયાદીએ આરોપીઓએ ખેતરની ફરતે તારની વાડ સાથે વિજ જોડાણ કરેલ હોય તેવી હકીકત પણ જોયેલાનું મળી આવતું નથી.

(૧૫.૨) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૨ તરીકે રાયસીંગભાઈ કાળાભાઈ પરમારે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ બે વર્ષ અગાઉ બનેલો. બનાવ વખતે હું ગામમાં મજુરી કરવા જતો રહેલો. તે વખતે વાતોવાતથી મને જાણવા મળેલ કે, મારા પિતા કાળાભાઈ કુવામાં પડી મરણ ગયેલ છે, જેથી અમો ભેગા થઈ જે જગ્યાએ મારા પિતા પડેલા હતા ત્યાં ગયેલા અને મારા પિતાને બહાર કાઢેલા અને જોયેલ તો મારા પિતા મરણ ગયેલ હતા. મારા પિતાની લાશને મે જોયેલ તેને પગના ભાગે તથા છાતીના ભાગે કરંટ લાગેલાની નિશાનો હતા. આ કરંટ નૈનેશભાઈ અમનસીંગ તથા સરદારભાઈ અમનસીંગનાઓએ તેઓના મકાઈના ખેતર ફરતે તારની વાડ કરી તેના ઉપર મુકેલ હતો. ત્યારબાદ મારા પિતાની લાશને ધાનપુર સરકારી

દવાખાને લઈ ગયેલા. બનાવ અંગેની ફરિયાદ મારા નાનાભાઈ પ્રહલાદભાઈએ આપેલી અને પોલીસે મારા જવાબ લીધેલો. આરોપીઓ આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તેઓને જોયેથી ઓળખું છું.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં આ સાહેદે તે હકીકતને સ્વીકાર કરેલ છે કે બનાવના દિવસે હું કામ ઉપરથી સીધો બનાવવાળા સ્થળે ગયેલો. હું બનાવવાળા સ્થળે ગયો ત્યારે આજુબાજુના લોકોનું ટોળું ભેગું થઈ ગયેલું હતું. હું પહોંચ્યો ત્યારે કુટુંબના માણસો ભેગા થઈ ગયેલા હતા. તે વખતે પોલીસના માણસો પણ આવી ગયેલ હતા. આમ, તેઓએ પણ બનાવ નજરે જોયેલ નથી કે આરોપીઓના ખેતરની ફરતે તારની વાડ કરી તેના સાથે વિજ જોડાણ કરવામાં આવેલ હોય તેવું પણ આ સાહેદની જુબાનીમાંથી સ્પષ્ટપણે મળી આવતું નથી.

(૧૫.૩) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૩ તરીકે સરજીભાઈ કાળુભાઈ પરમારને આંક-૧૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પણ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે મને વાતોવાતોથી જાણવા મળેલ કે મારા કાકા કાળુભાઈ કુવામાં પડી મરણ ગયેલ છે. કેવી રીતે ગુજરી ગયેલ તે મે જાણેલ નથી. આમ, આ સાહેદે પણ ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કરતા ના હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરિયાદ પક્ષના કેસને મદદરુપ થાય તેવી કોઈ હકીકત મળી આવતી નથી.

(૧૫.૪) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૪ તરીકે દિનેશભાઈ કાળાભાઈ ડામોરને આંક-૧૧ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તે મરણજનારના પુત્ર છે. જેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ દોઢેક વર્ષ અગાઉ બનેલો. બનાવ વખતે હું ખેતરમાં પાણી મુકવા માટે ગયેલો તે વખતે દિપાભાઇને હુરીયાભાઈ કાળીયાભાઇનાઓએ વાત કરેલ કે ખાડામાં કોઇ લાશ પડી છે જેથી હું અને દિપાભાઈ એ રીતના તે લાશ જોવા માટે ગયેલા અને જોયેલ તો તે લાશ મારા પિતાની હતી. ત્યારબાદ લાશ જોઈ હું તથા દિપાભાઈ મારા પિતા જે પ્રહલાદભાઈના ઘરે રહેતા હતા ત્યાં ગયેલા અને ત્યાં મારા ભત્રીજા રાજેશની પત્ની હાજર હતી અને તેને પુછેલ કે પિતા

કાળાભાઈ કેટલા વાગ્યે ઘરેથી નિકળેલા તો તેણીએ જણાવેલ કે સવારે અજવાળું થતા તેઓ ઘરેથી લાકડી લઈને નીકળેલા. ત્યારબાદ અમો ચાર ભાઈઓ મદનભાઈ, પ્રહલાદભાઈ, દિનેશભાઈ તથા હું એ રીતના ભેગા થયેલા અને ત્યારબાદ અમો ચારેય ભાઈઓ જે જગ્યાએ મારા પિતાની લાશ પડેલ તે જોવા ગયેલા. અને તે ઢીંચણ જેટલા ઉંડા પાણીમાં છતી હાલતમાં પડેલા હતા અને મારા ભાઈ પ્રહલાદે તેને ખેંચીને જોયેલ તો મારા પિતાના શરીરે શોર્ટ લાગેલાના નિશાનો જણાયેલા. અને તેને જમણા હાથના ખભાના ભાગે તથા બન્ને પગના ભાગે કરંટ લાગેલાના નિશાનો જણાયેલા. જેથી મારા પિતાને કઈ જગ્યાએ શોર્ટ લાગેલ તે જગ્યા જોવા નિકળેલા તે જગ્યાએ મારા પિતા પડેલ હતા તે જગ્યાથી ૧૦૦ થી ૨૦૦ ફુટ દુર એક મોટો વડ આવેલ છે તે વડની નજીક મકાઈના વાવેતરવાળુ ખેતર જોવા મળેલ તે ખેતરની ફરતે ખુંટા રોપી તેના ઉપર તાર વીંટાળેલા હતા તે જગ્યા ઉપર ઘસરડાના નિશાનો જણાયેલા અને મકાઈના રાડા ભાંગેલા હતા. ત્યારબાદ મારા ભાઈ પ્રહલાદે પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ ઉપર આવી ગયેલી અને અમારા પિતાની લાશને ખાડામાંથી બહાર કાઢતી વખતે આ સરદાર(આરોપી) એવું બોલેલ કે "આ લાશ કોને પુછીને બહાર કાઢો છો" તેથી આ સરદારનો મોટો બાપો મકનસીગ એવુ બોલેલ કે "કાલે ખબર પડશે" તેમ કહેતા પોલીસે આ બન્ને જણાને પોલીસ સ્ટેશન લઈ ગયેલ. અને લાશને ખાડામાંથી બહાર કાઢી ધાનપુર સરકારી દવાખાને લઈ ગયેલ અને ત્યાં મારા પિતાની લાશનુ પી.એમ. કરાવી લાશ અમોને સોંપતા લાશની અંતિમવિધી કરેલી. આ બનાવ અંગેની ફરીયાદ મારા ભાઈ પ્રહલાદે આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો. આ મારા પિતા લાઈટનો શોર્ટ લાગવાથી મરણ ગયેલા અને તે શોર્ટ સરદારભાઈ અમનસિંહ જાતે પરમારનાઓએ તેના ખેતરમાં મુકેલ કરંટ લાગવાથી મારા પિતા મરણ ગયેલા છે. આરોપીઓ આજરોજ કોર્ટમાં હાજર છે તેઓને હું ઓળખું છું.

આમ, આ સાહેદે તેઓની જુબાનીમાં જણાવ્યા મુજબ મારા પિતાને કંઈ જગ્યાએ ઈલેક્ટ્રીક શોર્ટ લાગેલ તે જગ્યા જોવા નીકળતા તે જગ્યા મારા પિતા પડેલ હતા તે જગ્યાએથી ૧૦૦ થી ૨૦૦ ફૂટ દુર એક મોટો વડ આવેલ છે તે વડની નજીક મકાઈના વાવેતરવાળુ ખેતર જોવા મળેલ તે

ખેતરની ફરતે ખુંટા રોપી તેના ઉપર તાર વીટાળેલા હતા. તે જગ્યા ઉપર ઘસરડાના નિશાન જણાયેલા અને મકાઈના રાડા ભાંગેલા હતા. તેમજ વધુમાં જણાવેલ છે કે મારા પિતાની લાશને ખાડામાંથી કાઢી તે વખતે સરદારભાઈએ પુછેલ કે લાશને કોને પુછીને બહાર કાઢો છો, જે સંબંધે બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં તેઓએ આ મુજબની હકીકત પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ ના હોવાનું પુછતા તેનો ઈન્કાર કરલ છે એટલે કે આ મુજબની હકીકત તેઓએ પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ હોવાની હકીકત લખાવેલ હોવાની હકીકતને વળગી રહેલ છે. પરંતુ ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૪ ત.ક.અમલદાર અનિલકુમાર દરબારભાઈ સોલંકીનાએ બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલી છે કે સાહેદ દિનેશભાઈ કાળાભાઈએ મારી રુબરુના નિવેદનમાં એવી હકીકત લખાવેલી નથી કે, મારા પિતાને કંઈ જગ્યાએ ઈલેક્ટ્રીક શોર્ટ લાગેલ તે જગ્યા જોવા નીકળતા તે જગ્યા મારા પિતા પડેલ હતા તે જગ્યાએથી ૧૦૦ થી ૨૦૦ ફૂટ દુર એક મોટો વડ આવેલ છે તે વડની નજીક મકાઈના વાવેતરવાળુ ખેતર જોવા મળેલ તે ખેતરની ફરતે ખુંટા રોપી તેના ઉપર તાર વીંટાળેલા હતા, તે જગ્યા ઉપર ઘસરડાના નિશાન જણાયેલા અને મકાઈના રાડા ભાંગેલા હતા. એ વાત ખરી છે કે સાહેદ દિનેશભાઈ કાળાભાઈએ મારી રુબરુના નિવેદનમાં એવી હકીકત લખાવેલી નથી કે, મારા ભાઈ પ્રહલાદે પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ ઉપર આવી ગયેલી અને અમારા પિતાની લાશને ખાડામાંથી બહાર કાઢતી વખતે આ સરદાર એવું બોલેલ કે આ લાશ કોને પુછીને બહાર કાઢો છો.

આમ, ફરિયાદ પક્ષના આ સાહેદે તેમની જુબાનીમાં તેઓએ તેમના પિતાને કંઈ જગ્યાએ ઈલેક્ટ્રીકનો શોર્ટ લાગેલ તે જોવા નીકળેલા અને જોયેલ તો ખેતરની ફરતે ખુંટા રોપી તેના ઉપર તાર વીટાળેલા હતા. એટલે કે આ મકાઈવાળા ખેતરની ફરતે તારની વીટાળેલા હતા તેની અંદર વિજ પ્રવાહ પસાર કરવાથી તેના સંપર્કમાં આવવાથી આ સાહેદના પિતા મૃત્યુ પામેલ હોવાનું તેમની જુબાનીમાં જણાવે છે પરંતુ આ સાહેદે ત.ક.અમલદાર રુબરુના નિવેદનમાં આવી કોઈ જ હકીકત લખાવેલી નથી. તે સંજોગોમાં આ સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ આ હકીકત તે અતિશ્યોક્તભરી જણાય છે

અને તેવા વિરોધાભાસ ત.ક.અમલદારની જુબાનીમાં પુરવાર કરવામાં આવેલા છે તે જોતા તેને પુરાવામાં વંચાણે લઈ શકાય તેમ નથી.

(૧૫.૫) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૫ તરીકે મદનભાઈ કાળાભાઈ પરમારનાએ તેઓની સરતપાસમાં જણાવ્યા મુજબ મારો બાપો ખાડાના પાણીમાં પડેલ હતો તેની નજીકમાં મકનભાઈ વેલજીભાઈનું મકાઈનું વાવેતરવાળું ખેતર હતું અને તેના ખેતર ફરતે વાંસના ખુટા રોપી તેની ફરતે સેન્ટીંગના તાર લગાવેલા હતા અને તે જગ્યાએ મકાઈના રાડા તુટેલા હતા અને અસ્તવયસ્ત થઈ ગયેલા હતા. આમ, આ સાહેદે પણ મકનસીંગ વેલજીભાઈના મકાઈના ખેતરની ફરતે સેન્ટીંગના તાર લગાવેલ હોવાની અને મકાઈના રાડા અસ્તવયસ્ત થઈ ગયેલાનું એટલે કે તે જગ્યાએથી મરણજનારની લાશને ઘસડીને લઈ જવામાં આવેલ હોવાની હકીકત જણાવેલી છે.

પરંતુ બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં આ સાહેદે તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં આવી હકીકત લખાવેલી નથી કે મકનભાઈ વેલજીભાઈનું મકાઈના વાવેતરવાળા ખેતર ફરતે વાંસના ખુટા રોપી તેની ફરતે સેન્ટીંગના તાર લગાવેલા હતા અને તે જગ્યાએ મકાઈના રાડા તુટેલા હતા અને અસ્તવયસ્ત થઈ ગયેલા હતા. આમ, આ સાહેદે આ હકીકત ત.ક.અમલદાર રુબરુના નિવેદનમાં લખાવેલ નથી.જેથી તેઓએ સરતપાસમાં જણાવેલ આ હકીકતનું પુરાવાની દ્રષ્ટીએ કોણ મુલ્ય રહેતું નથી.

(૧૫.૬) ફરિયાદ પક્ષના ઉપરોક્ત મહત્વના સાહેદોની જુબાની જોવામાં આવે તો તેઓએ આ બનાવ નજરે જોયેલો નથી. તમામ સાહેદોએ તેમની જુબાનીમાં જણાવ્યા મુજબ મરણજનાર કાળાભાઈ ગોપસીંગભાઈ પરમારની લાશ કોતરમાં આવેલ ખાડામાં પડેલ હતી એટલે કે આ લાશ આરોપીઓના ખેતરમાં પડેલી હોય તેવું આ સાહેદોની જુબાનીમાંથી મળી આવતું નથી. આ સાહેદોના જણાવ્યા મુજબ મકાઈના ખેતરની ફરતે તારની ફેન્સીંગ કરેલ હોય અને તેની સાથે વિજ જોડાણ આપવામાં આવ્યું હોય તેવું તેઓએ જોયેલ હોય તેવું પણ તેમની જુબાનીમાંથી મળી આવતું નથી. તમામ સાહેદોના જણાવ્યા

મુજબના આરોપીઓના મકાઈના ખેતરેથી મરણજનારની લાશને ઢસડીને જે જગ્યાએથી લાશ મળી આવી છે તે જગ્યાએ લાવેલ હોય તેવા નિશાનો મળી આવ્યાની હકીકતોનો પુરાવો પણ માની શકાય તેમ નથી. આમ, આ મહત્વના સાહેદોની જુબાનીમાંથી ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ મરણજનારનું મૃત્યુ આરોપીઓએ તેમના ખેતરની ફરતે તારની વાડ કરી તેમાં ગેરકાયદેસર રીતે વિજ પ્રવાહ પસાર કરેલ જેના સંપર્કમાં આવવાના કારણે તેમના પિતાનું મૃત્યુ થયેલું હોય તેવું નિશંકપણે પુરવાર થતું નથી.

(૧૫.૭) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે આરોપીના ખેતરેથી પંચનામાની વિગતે ૩૦૦ મીટરનો વાદળી કલરનો વાયર લાગેલા ૪૨ ટેકા તથા ૨૦૦ મીટર જેટલા વિજ જોડાણ માટેના વાયરો કબજે કરવામાં આવેલો છે.

આ સંબંધેનો ફરિયાદ પક્ષનો રજુ કરવામાં આવેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો પૈકી અજયભાઈ રમેશભાઈ પરમારને સાહેદ નં.૯ તરીકે આંક-૧૮ થી તથા સાહેદ નં.૧૦ તરીકે મંગાભાઈ છગનભાઈ પરમારને આંક-૨૦ થી તપાસવામાં આવેલ છે. આ બન્ને પંચ સાહેદોએ તેમની જુબાનીમાં જણાવ્યા મુજબ હું એકાદ વર્ષ પહેલા મારા ગામેથી ધાનપુર પોલીસ સ્ટેશનમાં ગયેલો તે વખતે મને એક લખેલા કાગળમાં સહી કરાવેલી. આમ, આ બન્ને પંચ સાહેદો ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કરતા નથી. તેઓએ ફરિયાદીના ઘરેથી ઉપરોક્ત જણાવ્યા મુજબનો મુદ્ધામાલ કબજે કર્યાની હકીકતને સમર્થન કરતા નથી.

તેમજ ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૪ ત.ક.અમલદારની જુબાનીને વંચાણે લેવામાં આવે તો તેમાં તેઓએ જણાવેલ છે કે ત્યારબાદ ફરિયાદીના બતાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાનું પંચનામું બે પંચોના હાજરીમા કરેલું. મને આંક-૧૯ વાળું પંચનામું બતાવવામાં આવે છે તેમાં બે પંચોએ મારી રુબરુ સહી કરેલી અને રુબરુ તરીકે મારી સહી છે જે હું ઓળખું છું. આમ, ત.ક.અમલદારે ગુનાવાળી જગ્યાનું પંચનામું કર્યું ત્યારે પંચોની હાજરીમાં ઉપરોક્ત જણાવ્યા મુજબનો મુદ્ધામાલ કબજે કરેલ હોવાની હકીકત તેમની જુબાનીમાં જણાવતા નથી. આમ, આંક-૧૯ નું ગુનાવાળી જગ્યાના

પંચનામું પંચ સાહેદોની જુબાનીથી પુરવાર થતું નથી તે સંજોગોમાં આ પંચનામાની હકીકતનો વંચાણે લઈ શકાય નહી.

તેટલું જ માત્ર નહી આ પંચનામું તે ફરિયાદીએ બતાવેલી જગ્યાનું કરવામાં આવેલું છે એટલે કે આરોપી પોલીસ કસ્ટડીમાં હતા તે દરમ્યાન તેઓએ બતાવેલ જગ્યાએથી આ મુદ્દામાલ શોધી બતાવેલ હોય તેવું જણાતું નથી એટલે કે આ પંચનામું ભારતીય પુરાવા ધારાની કલમ-૨૭ મુજબ કરવામાં આવેલ નથી તે સંજોગોમાં પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલ હોવાનું માની લેવામાં આવે તો પણ આ મુદ્દામાલ આરોપીઓના જ ખેતરમાંથી કબજે કરવામાં આવેલ હોવાની હકીકત પુરવાર થતી નથી.

(૧૫.૮) ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ આરોપીઓના જ ખેતરની ફરતે તારની વાડ કરી તેમાં વિજ પ્રવાહ પસાર કરવામાં આવેલો જેના સંપર્કમાં આવવાથી ફરિયાદીના પિતાનું મૃત્યુ થયેલ તે ખેતરનો સર્વે નંબર કયો હતો તે મળી આવતું નથી. ત.ક.અમલદારશ્રીએ આ ખેતરના મહેસુલી ઉતારાઓ મેળવીને ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી એટલે કે આ ખેતર રેવન્યુ રેકર્ડમાં કોના નામ ચાલતું હતું તે હકીકત પણ પુરવાર કરવામાં આવતી નથી. ફરિયાદીએ બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે અમનસીંગને પાંચ દિકરાઓ છે જેમના નામ અનુક્રમે નરવતભાઈ, નૈનેશભાઈ, શૈલેષભાઈ, સરદારભાઈ અને વિક્રમભાઈ છે.

ફરિયાદ પક્ષના સાહેદ નં.૨ રાયસીંગ કાળાભાઈ પરમારના બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીના પિતા અમનસીંગ અને દાદા અમારા કુંટુંબીઓ થાય છે તેઓનું તથા અમારું ખેતર જોડે આવેલું છે. એ વાત ખરી છે કે ખેતી અંગેનું કામકાજ આરોપીઓના પિતા અમનસીંગ અને દાદા મકનસીંગ સંભાળે છે.

ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૪ ત.ક.અમલદારશ્રીએ બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ ઉલટતપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલો છે કે ગુનાવાળી જગ્યાના પંચનામામાં જમીનના સર્વે નંબરનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી. એ વાત ખરી છે કે સ્થળ ઉપર તલાટી કમ મંત્રીને બોલાવીને સર્વે નંબરની ખાત્રી કરાવેલી નથી. એ વાત ખરી છે કે મહેસુલી અધિકારી

પાસેથી ગુનાવાળી જગ્યાનો નકશો મેળવેલ નથી કે ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાનો માલીકીનો પુરાવો ચાર્જશીટ સાથે રજુ કરેલો નથી. એ વાત ખરી છે કે મે ૭/૧૨ અને ૮(અ) ના ઉતારા કબજે લીધા તેમા હાલના આરોપીઓના નામ ચાલતું નથી. એ વાત ખરી છે કે આ ઉતારાઓમાં મરણજનાર તથા સહભાગીદારોના નામ ચાલે છે. એ વાત ખરી છે કે ફરિયાદી તથા સાહેદોએ મારી રુબરુની ફરિયાદ તથા નિવેદનોમાં જમીનનો સર્વે નંબર લખાવેલો નથી. એ વાત ખરી છે કે મે મારી તપાસ દરમ્યાન આરોપીઓનું પેઢીનામું મેળવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓને બીજા ભાઈઓ હોવાનું મારી તપાસમાં જણાઈ આવેલું. એ વાત ખરી છે કે આરોપીઓના પિતા તથા દાદા હયાત હોવાનું મારી તપાસમાં ખુલેલું.

આમ, ત.ક.અમલદારશ્રીએ તેમની ઉલટતપાસમાં સ્વીકાર કરેલ ઉપરોક્ત હકીકતો જોવામાં આવે તો ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ આ બનાવ જે ખેતરમાં બનેલો તે ખેતરનો સર્વે નંબર શું હતો તેની તપાસ કરી નથી. આ ખેતરના મહેસુલી ઉતારા મેળવેલ નથી કે ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. આ ખેતરના મહેસુલી ઉતારામાં કોનું નામ ચાલતું હતુ તે વિગતો મેળવેલ નથી. ઉલટતપાસમાં સ્વીકાર કર્યા મુજબ ૭/૧૨ અને ૮(અ)ના ઉતારામાં આરોપીઓના નામ ચાલતા ના હતા. ત.ક.અમલદારશ્રીએ સ્વીકાર કર્યા મુજબ આરોપીના પિતા તથા દાદ હયાત છે. સાહેદ નં.૨ નાએ તેઓની ઉલટતપાસમાં સ્વીકાર કર્યા મુજબ ખેતી અંગેનું કામકાજ આરોપીઓના પિતા અમનસીંગ અને દાદા મકનસીંગ સંભાળે છે. આમ, ફરિયાદીના જણાવ્યા મુજબનું ખેતર હાલના આરોપીઓના નામે ચાલતું હોવાની હકીકત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલા છે. આ ખેતર હાલના આરોપીઓ ખેડતા હતા તેવી હકીકત પુરવાર કરવામાં પણ ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. ત.ક.અમલદારશ્રીએ આ ખેતરની આજુબાજુના ખેતરના માલીકોના નિવેદનો લીધા નથી કે તેમને ફરિયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલ નથી. આ જમીનના મહેસુલી ઉતારામાં જે વ્યક્તિઓના નામો ચાલતા હોય તેમના નિવેદનો લીધેલા નથી કે જેના આધારે બનાવ સમયે આ ખેતર આરોપીઓ ખેડતા હતા તેવી હકીકત રેકર્ડ ઉપર લાવી શકાય. ફરિયાદ પક્ષના સાહેદો

તથા ત.ક.અમલદારશ્રીએ સ્વીકાર કર્યા મુજબ આ જમીનના મહેસુલી ઉતારામાં આરોપીઓના નામો ચાલતા ના હતા. આરોપીઓના પિતા અને દાદા હયાત છે. આરોપીઓને અન્ય ત્રણ ભાઈઓ છે અને તે સંજોગોમાં બનાવ સમયે આ ખેતર હાલના આરોપીઓ જ ખેડતા હતા તેવી હકીકત ફરિયાદ પક્ષ દ્વારા પુરવાર કરવી જોઈએ જે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેમજ આરોપીઓએ જ તેમના ખેતરની ફરતે તારની વાડ કરી તેમાં વિજ પ્રવાહ પસાર કરેલ હોવાની હકીકત પુરવાર થવી જોઈએ. ફરિયાદ પક્ષના પુરાવામાંથી આરોપીઓએ તેઓના ખેતરની ફરતે તારમાં વિજ પ્રવાહ પસાર કરેલ હોય તેવી હકીકત પુરવાર કરી શકતા નથી. જે વાયર પંચનામાની વિગતે કબજે કરવામાં આવ્યાનું જણાવે છે તે હકીકત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. આ વાયર કંઈ જગ્યાએ જોડવામાં આવેલો અને તેનું જોડાણ તારની વાડ સાથે કરવામાં આવેલ તેવી પણ કોઈ જ હકીકત ફરિયાદ પક્ષ દ્વારા પુરવાર કરવામાં આવતી નથી. ત.ક.અમલદારશ્રીએ આ હકીકત દર્શાવતો નકશો તૈયાર કરેલો નથી અને તે સંજોગોમાં આરોપીઓએ તેમના ખેતરમાં આવેલ તારની વાડ સાથે વિજ જોડાણ આપી વિજ પ્રવાહ પસાર કરીને મરણજનાર કાળાભાઈ ગોપીચંદભાઈ પરમાર તેના સંપર્કમાં આવવાથી વિજ કરંટ લાગવાથી મૃત્યુ થયેલ હોવાની હકીકત શંકારહીત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ જતા હોય આરોપીઓને આ ગુનાના કામે કસુરવાર ઠરાવી શકાય તેમ ના હોય **મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે.

**(૧૭) મુદ્દા નં.૩ ની ચર્ચા –**

ઉપરોક્ત મુદ્દા નં.૧, ૨ માં ચર્ચા કર્યા મુજબની વિગતે ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય નીચે મુજબનો મુદ્દા નં.૩ પરત્વનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– આખરી હુકમ –**

➢ આ કામના આરોપીઓ નં.(૧) સરદારભાઈ અમનસીંગ પરમાર (૨) નૈનેશભાઈ અમનસીંગ પરમાર, બન્ને રહે.ભાણપુર, તળાવ ફળીયું, તા.ધાનપુર, જી.દાહોદનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે તેઓની

સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૪, ૨૦૧, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાના લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ નાશ કરવો.
- આ કામના આરોપીઓ જામીન ઉપર મુક્ત હોય તેઓના જામીનખત તથા જાતમુચરકા રદ કરવા.
- પ્રત્યેક આરોપીએ સી.આર.પી.સી.કલમ–૪૩૭(એ) મુજબના અપીલ સમય સુધીના રુ.૧૫૦૦૦/– ના જામીન આપવા.

હુકમ આજ તા.૧૭ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૩/૨૦૨૬
સ્થળ – લીમખેડા

**(હરેશકુમાર હિંમતલાલ ઠક્કર)**
એડિશ્નલ સેશન્સ જજ, દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
કોડ નં.જીજે૦૦૫૩૩

આર.બી.સોલંકી